કનૈયાલાલ કિશોરી
(હાઇકે)

# વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ અમલીકરણ બાબત.

વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ સમજવા માટે આદિવાસીઓની સામાજીક, આર્થિક તેમજ પરંપરાગત ઐતિહાસિક બાબતો જાણવી જરૂરી છે. આદિજાતિના લોકો વંશપરંપરાથી વનમાં રહેતો આવ્યો છે. જંગલોના દુર્ગમ પ્રદેશમાં, ડુંગરોના ચઢાણ, ઢાળ, પર્યાવરણ અને વન્યજીવો તેમજ વનસ્પતિ વચ્ચે રહેવા ટેવાયેલો છે. વન અને પર્યાવરણ સાથે તે આદિઅનાદિ પરંપરાથી જોડાયેલો છે. અને વન સાથે તેનો અતુટ નાતો બંધાયેલો છે. વનથી અલગ રહેવુ તેની જીવનશૈલીને અનુકૂળ નથી.

- વન અને વન્ય પેદાશો તેના જીવનનું અવિભાજ્ય અંગ છે અને આદિવાસી વનનું જતન કરે છે તેનુ સંરક્ષણ કરે છે. આદિજાતિના લોકોની આજીવિકા વન આધારિત છે. જેથી કુદરતી રીતે વનમાં રહેતા આદિજાતિના લોકોનો વન અને વન્ય પેદાશો ઉપર અધિકાર છે. જેથી આ બાબતોને ધ્યાનમાં રાખી, આદિજાતિના લોકોના વન ઉપરના અધિકારોને કાયદાકીય રીતે સ્વીકારવા, તેની સરકારી રેકોર્ડમાં નોંધ લેવા અને તેના અધિકારો નિયમિત કરવા વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ કાયદો બનાવવામાં આવ્યો છે. આમ, પેઢીઓથી વન જમીન ખેડતા અને તેનો કબ્જો ધરાવતા હોય તેવા આદિજાતિના લોકોને તેમજ અન્ય વનવાસીઓના અધિકારો નિયમિત કરવા આ કાયદામાં જોગવાઇ કરવામાં આવી છે.
- ભારત સરકાર દ્વારા આ પ્રકારનો અધિનિયમ લાવવા માટે તા.૧૩/૧૨/૨૦૦૫ થી વિચારણા થયેલ હતી, અને ત્યારબાદ ભારત સરકારના તા.૨૯/૧૨/૨૦૦૬ ના જાહેરનામાથી આ અધિનિયમ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે અન્વયે ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલયના તા.૦૧/૦૧/૨૦૦૮ ના ઠરાવથી અધિનિયમ હેઠળના નિયમો બનાવેલ છે. જે મુજબ અમલવારી શરૂ થયેલ. ત્યારબાદ તા.૧૨/૦૭/૨૦૧૨ ના રોજ આ અંગેની માર્ગદર્શક સુચનાઓ જાહેર કરવામાં આવી

અને તા.૦૬/૦૯/૨૦૧૨ના રોજ આ અધિનિયમ હેઠળ સુધારેલા નિયમો જાહેર કરવામાં આવ્યા.

આ અધિનિયમ હેઠળ મુખ્યત્વે ત્રણ પ્રકારના અધિકારો નિહિત કરવામાં આવ્યા છે.

(૧) રહેણાંક અને ખેડાણ હેઠળની વન જમીનના વ્યક્તિગત અધિકારો

(૨) ગામની હદની અંદર કે બહાર પરંપરાગત રીતે એકઠી કરતા હોય તેવી ગૌણ વન પેદાશોની માલિકી, તેના વપરાશ કે નિકાલ કરવાના સામુદાયિક અધિકારો કે જેમાં માછલાં કે જળાશયોની અન્ય પેદાશો, ચરીયાણ વગેરેનો સમાવેશ થાય છે.

(3) સરકાર દ્વારા સંચાલિત અને આદિજાતિ સમુદાયને ઉપયોગી ૧૩ પ્રકારની **માળખાકિય સુવિધાઓ** જેવીકે, દવાખાનું, આંગણવાડી, વ્યાજબી ભાવની દુકાનો, વિજ સંચારની લાઇન, ટાંકી અને જળાશયો, પીવાના પાણી માટેની પાઇપલાઇન, નાની સિંચાઇ માટે નહેરો, ઉર્જાના બિનપરંપરાગત સ્ત્રોત, કૌશલ્યવર્ધન તાલીમ કેન્દ્રો, રસ્તાઓ, સમુદાય કેન્દ્રો વિગેરેનો સમાવેશ થાય છે, તે માટે વન જમીનની ફાળવણી કરી શકાય છે.

- વ્યક્તિગત દાવા સંદર્ભે વધુમાં વધુ ૪ હેકટર એટલે કે ૧૦ એકર જમીનના અધિકારો આપી શકાય છે, જ્યારે સમુદાયિક અધિકારો હેઠળ વન્ય પેદાશો એક્ત્રીત કરવા કે ધાર્મિક સામાજીક કારણોસર વનમાં પ્રવેશના અધિકારો માન્ય કરવામાં આવે છે. માળખાકિય સુવિધાઓ હેઠળ પ્રતિ સુવિધા, વધુમાં વધું ૧ હેકટર જમીન ફાળવી શકાય છે.
- આ અધિનિયમ હેઠળ અનુસૂચિત જનજાતિ અને ત્રણ પેઢી (૭૫ વર્ષ) થી વનમાં રહેતા કે વન્ય પેદાશોમાંથી જીવન નિર્વાહ મેળવતા અન્ય પરંપરાગત આદિજાતિ લોકોઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ અધિનિયમ હેઠળ કાર્યવાહીની શરુઆત ગ્રામસભા સ્તરે થાય છે. ગ્રામસભાને આ અધિકારો માટે દાવા સ્વિકારવાની સત્તા આપવામાં આવી છે. ગ્રામસભા દ્વારા

પુખ્તવયના મતદારો પૈકી ૧૫ સભ્યોની ગ્રામ સ્તરીય વન અધિકાર સમિતિની રચના કરવામાં આવે છે. આ સમિતિ જે તે દાવા સ્વિકારી, પૂરાવા સાથે સ્થળ તપાસ કરી, અહેવાલ ગ્રામસભાને રજુ કરે છે. ગ્રામસભા તે સંદર્ભે દાવાની પાત્રતા અંગે ઠરાવ કરી દાવા પેટાસ્તરીય વન અધિકાર સમિતિને રજુ કરે છે. પેટાસ્તરીય વન અધિકાર સમિતિ દાવા અને રજુ કરેલ પૂરાવા તપાસી દાવા માન્ય કરવા યોગ્ય છે કે કેમ ? તે માટે આખરી નિર્ણય માટે કલેકટરશ્રીના અધ્યક્ષપદે રચાયેલ જીલ્લા સ્તરીય વન અધિકાર સમિતિને રજુ કરે છે. દાવા માન્ય કે અમાન્ય કરવા સંદર્ભે જીલ્લા સ્તરીય વન અધિકાર સમિતિને આખરી સત્તાઓ આપવામાં આવી છે.

- તમામ પ્રક્રીયા સાથે સંકલાયેલ ત્રીસ્તરીય સમિતિઓમાં જન-પ્રતિનિધીઓ જોડાયેલા હોય છે. ગ્રામ સ્તરીય વન અધિકાર સમિતિ ગ્રામસભાના સભ્યોથી બનેલી છે. પેટાસ્તરીય વન અધિકાર સમિતિમાં જેતે સમુદાયના તાલુકા પંચાયતના ચુંટાયેલા ત્રણ સભ્યો તેમજ જીલ્લા સ્તરીય વન અધિકાર સમિતિમાં જીલ્લા પંચાયતના ચુંટાયેલા ત્રણ સભ્યોનો સમાવેશ કરવામાં આવે છે. આમ, દાવા સ્વીકારવા, તપાસવા અને નિર્ણયની તમામ પ્રક્રીયા જનતાંત્રીક ધોરણે કરવામાં આવે છે.
- આમ, ઉપર જણાવ્યા મુજબ આ અધિનિયમ હેઠળના નિયમો તા.૦૧/૦૧/૨૦૦૮ થી અમલમાં આવેલ હોઇ રાજ્યમાં વન અધિકાર અધિનિયમની અમલવારી શરૂ કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા આ અધિનિયમની અમલવારીને એક ઝુંબેશ સ્વરૂપે ઉપાડી અમલવારી સાથે સંકળાયેલ તમામને મોટા પાયે તાલીમ આપવામાં આવેલ છે. અધિનિયમના પ્રસાર-પ્રચાર અર્થે નિયમો, માર્ગદર્શક સુચનાઓ, માર્ગદર્શિકાઓ અને નિયત ફોર્મ્સ ગુજરાતી ભાષામાં છપાવી બહોળી પ્રસિધ્ધી માટે ઘટતી તમામ કાર્યવાહી કરેલ છે.
- વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ અમલમાં આવતા સમગ્ર રાજ્યમાંથી અત્યાર સુધીમાં કુલ ૧,૮૨,૮૬૯ વ્યક્તિગત દાવા અરજીઓ મળેલ છે, જે પૈકી

નોંધ ૯

તા.૩૧/૦૧/૨૦૨૪ અંતિત ૯૭,૩૪૨ દાવા અરજીઓ મંજુર કરી ૬૬,૩૧૫ હેક્ટર વન જમીન અંગેના આદેશપત્રો આપવામાં આવેલ છે. રાજ્યમાં મળેલ ૭૧૮૭ સામુદાયિક દાવાઓ પૈકી તા.૩૧/૦૧/૨૦૨૪ અંતિત ૪૭૯૧ દાવાઓ મંજુર કરી ૫,૦૨,૦૮૬ હેક્ટર જમીન માન્ય કરવામા આવેલ છે. તથા માળખાકીય સુવિધા માટે મળેલ કુલ ૨૧૧૮ દરખાસ્તો પૈકી ૨૦૪૫ દરખાસ્તો મંજુર કરી ૮૭૮ હેક્ટર જમીન મંજુર કરવામાં આવેલ છે.

- **વન અધિકાર અધિનિયમ હેઠળ માન્ય કરેલ જમીનના અધિકારો સંદર્ભે લાભાર્થીના નામે જે તે જમીનના અધિકારોની મહેસુલી રેકોર્ડમાં નોંધ કરવા જોગવાઇ થયેલ છે. જેથી તેઓ જે તે જમીન માટે કાયદેસરના અધિકૃત હોવાની નોંધ લેવાય. તા.૩૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ મંજુર થયેલ ૯૭,૩૪૨ વ્યક્તિગત દાવાઓ પૈકી ૮૧,૭૫૫ દાવા સંદર્ભે મહેસુલી રેકર્ડ ૭/૧૨ માં નોંધ પાડવામાં આવેલ છે. જે મુજબ આ અધિનિયમ હેઠળના લાભાર્થીઓને સામાન્ય ખેડૂત તરીકે મળતા તમામ લાભો મળવાપાત્ર થાય છે.**
- વન અધિકાર અધિનિયમ હેઠળ જે તે લાભાર્થીઓના અધિકારો માન્ય કર્યા બાદ, સરકારશ્રી દ્વારા અમલિત વિવિધ યોજનાઓનો લાભ આ લાભાર્થીઓને અગ્રતાના ધોરણે આપવા માટેની કાર્યવાહી રાજ્ય સરકારે કરેલ છે.
- આ હેતુ માટે રાજ્ય સરકાર દ્વારા વન અધિકાર હેઠળના લાભાર્થીઓ માટે જમીનનો વૈજ્ઞાનિક ઢબે વિકાસ, નાની સિંચાઇ તથા પીવાના પાણીના સ્ત્રોત, કૃષિ ક્ષેત્રે ટપક સિંચાઇ, કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ કૃષિ કીટ જેવા વિવિધ ઘટકોનો લાભ આપવા સને ૨૦૧૪ થી "વનવાસી ખેડૂત સશક્તિકરણ યોજના" અમલમાં મુકેલ હતી.

- ઉક્ત યોજનામાં સમાવિષ્ટ ઘટકોમાં જરૂરી સુધારા કરવા તથા યોજના અંતર્ગત લાભાર્થીઓની સંખ્યામાં વધારો કરવાના આશયથી લાભાર્થીઓની જમીનના

વિકાસ, ઉત્પાદકતા, આજીવિકાના સાધનો તથા પાયાની સુવિધાઓ પૂરી પાડી તેઓનો સામાજીક અને આર્થિક ઉત્કર્ષ થાય તે હેતુથી તા. ૧૧/૦૮/૨૦23 ના ઠરાવથી "મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના" રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકેલ છે. જે અંતર્ગત લાભાર્થીઓને જમીન સુધારણા, નાની સિંચાઇ, વીજળીકરણ, કૃષિ વૈવિધ્યકરણ, કૃષિ યાંત્રિકીકરણ, તેમજ અન્ય આજીવિકાના ઉપાયો જેવા કે પશુ સહાયનો લાભ, બકરા ઉછેર માટે સહાય વિગેરેનો લાભ આપવામાં આવે છે.

➢ આમ, વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ નુ રાજ્યમાં સુચારૂ અમલીકરણ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા તમામ જરૂરી પગલા લેવામાં આવેલ છે.

*****